ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*રાખે ઉભાં ન્યાય-કોર્ટ, ચેનલો ધમધમાવે છે!*
*ખોટી ભીડ કરે ભેગી, સરકારને નમાવે છે!*
*ભમાવે ભડકીલાં નિવેનદથી જનજીવન -*
*મહેચ્છા માટે મગતરું, પોલીસને દોડાવે છે...*

### હાઈકુ

*ડેંગ્યુ અને ફ્લૂ!*
*આપણું આ નગર,*
*રોગોનું ઘર...*
*(ગેલસફાઈ - અભિયાન)*

*લ્યો! પડ્યું હવે*
*વટથી વેકેશન -*
*બેન્કમાં પણ..*
*(સંગઠન શીંગડાંનો પ્રતાપ)*

### ચિંતન

**યસ્ય નાસ્તિ વિવેકસ્તુ કેવલં યો બહુશ્રુતઃ । ન સ જાનાતિ શાસ્ત્રાર્થન્દર્વી પાક રસાનિવ ॥**

'જેમ કડછી જુદા જુદા પાકની અનેક વાનગીમાં ફરતી રહે છે છતાં પણ કોઈ પણ પાકનો સ્વાદ અનુભવતી નથી, જાણતી નથી તેમ - જે ઘણાં શાસ્ત્રોનો સારબોધ સાંભળીને કે વાંચીને જે વિદ્વાન થયો છે. ભણ્યો છે છતાં જો તેનામાં વિવેકબુદ્ધિ ન જન્મી હોય તો એ શાસ્ત્રોમાં રહેલાં રહસ્યો ને પામી શકતો નથી.' (અર્થાત તેનું એ જ્ઞાન માત્ર પોપટીયું જ બની રહે છે.)

કેટલાક બાબા-બાપુઓ સાંભળી-વાંચી-ગોખી-ગુરુઓ પાસે તાલીમ લઈ 'પોપટીયું' જ્ઞાન પ્રાપ્ત કરી ટીવી-રેડિયો-શિબિરો ગજાવી જાતે 'વિદ્વાન' તરીકે પોતાને પ્રસ્થાપિત કરી ભોળાં શ્રદ્ધાળુ સ્ત્રી-પુરુષોને પોતાની 'મોહક' શક્તિઓ દ્વારા ભોળવી નાખે છે પરંતુ તેમની વિદ્વતામાં સાચું ઊંડાણ-જ્ઞાન નથી હોતું. જાતે કેવું આચરણ કરવું એની પણ સમજ નથી હોતી.

અહીં જુદી-જુદી વાનગીઓમાં ફરતી 'કડછી'નું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે.

### સુવિચાર

- દુષ્ટ વિચારો સામેનું એક માત્ર પ્રબળ સાધન છે સદ્‌વિચારો - **એસ. ભટ્ટાચાર્ય**
- પરસ્પર ધિક્કારનાર ધર્મો તો ઘણા છે... પરંતુ પરસ્પર સદ્‌ભાવ જગાડનાર ધર્મે કેટલા ? - **રજનીશ**
- ઊંચી મહિમા પ્રેમકી, ઊંચા ઈસકા ફૅર...,
  ઈસકે કારણ રામને, ખાયે જૂઠે બૅર - **અખંડ આનંદ**
- સુખ-દુઃખ, માન-અપમાન, યશ-અપહશમાં જે સ્થિતપ્રજ્ઞ રહે છે,
  જેને સંસારના ઐશ્વર્ય લલચાવી શકતા નથી તે સાચો બ્રાહ્મણ છે - **વેદ વ્યાસ**
- હૃદય સુખનો - 'સ્વાન્તઃ સુખાય'નો દરવાજો તો ખુલ્લો જ છે...
  ફક્ત આપણી આંખ આડે સ્વાર્થ લાલસાનો પાટો દૂર કરવાની જરુર છે - **મોરારિ બાપુ**
- અધ્યાત્મને વરેલી વ્યક્તિ સુખ-દુઃખને એક નિયતિ માને છે.. અને એને દુઃખ સામે કોઈ ફરિયાદ હોતી નથી,એ સુખની જેમ જ દુઃખનું પણ હસતાં મોઢે સ્વાગત કરે છે - **કૃષ્ણમૂર્તિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

ભગવાન, તપ-ધ્યાન, પંથ-સંપ્રદાય કે કોઈ સંપ્રદાયના યુનિફોર્મમાં કે ટીલાં-ટપકાંથી નથી મળતો. પણ સાચાં ત્યાગ-સમર્પણ અને હૃદયપૂર્વકની અંતરથી કરેલી પ્રાર્થનાથી હાજર થઈ જાય છે એને જાતિ-પોથીના વાડા નડતા નથી. સાચા પ્રેમની હૃદયપૂર્વકની એક માત્ર 'ચીખ' પણ પૂરતી છે.

પ્રસિદ્ધ સંત ઉડિયા બાબા ગંગા ઘાટે બેસી દરરોજ સવારે સત્સંગ સભા ચલાવતા હતા. અનેક શ્રદ્ધાળુ ભાવિકો આવતા અને સત્સંગનો લાભ લેતા હતા. ત્યાં, એક સફાઈ કામદાર પણ સફાઈ કરતાં કરતાં ત્યાં કાન સરવા કરી સાંભળતો અને કયારેક તો કામ નિપટાવી દૂર બેસી સત્સંગ પણ સાંભળતો હતો. એના હૃદયમાં પ્રભુ દર્શનની તાલાવેલી જાગી છે દરરોજ બાબાન એ અંગે માર્ગદર્શન માગવા વિચારતો પણ હિંમત ચાલતી ન હતી...

એક વાર બાબાએ સામેથી બોલાવ્યો અને કહ્યું તારી પ્રભુદર્શનની મનોકામના જરુર પુરી થશે...

સફાઈવાળાને આશ્ચર્ય થયું, કહ્યું બાબા! મારા જેવાને પણ પ્રભુ દર્શન થાય ખરાં કે?

બાબા કહે - જો, તારી ખરા હૃદયથી ઈચ્છા હું પણ જાણી ગયો તો પ્રભુ તો સર્વજ્ઞ, પ્રેમાળ છે હૃદયથી ઉઠેલી ઈચ્છા તરત જ સાંભળી લે છે, જાતિ-પાંતિ સાથે એને સંબંધ નથી... પછી એ કામદારને ઈશ્વર દર્શન તો થયાં જ 'ચમન મહારાજ' તરીકે પ્રસિદ્ધ થયા.

# જરા વહેલાં જાગ્યા હોત તો કેવું સારું !

## તંત્રીસ્થાનેથી....

આનંદીબેન પટેલ બધાને યોગ્ય ન્યાય મળી રહેશે અને સમાજના કોઈ પણ વર્ગને અન્યાય નહીં થાય એ પ્રકારનો સમાધાનભર્યો ઉકેલ શોધી શકાશે, એવી હૈયાધારણ આપેલી. પાટીદારો કે અન્ય સવર્ણો તો ભારતીય જનતા પાર્ટી માટે મોંઘેરી મિરાત છે. થોડા દાયકાઓ અગાઉ જનસંઘનો દીવો લઈને ચૂંટણી લડતા શંભુ મહારાજ જેવા લોકપ્રિય અગ્રણીની ડિપોઝીટ ડૂલ થતી હતી, તે જ પાર્ટી એવા નવા લેબાસમાં ગુજરાતને એનો ગઢ બનાવી શકી તે રૂડા પ્રતાપ ઉજળિયાત સમાજના. કોંગ્રેસે વધુ ને વધુ દલિત-આદિવાસી-પછાત વર્ગો અને મુસ્લિમો તરફી વલણ દાખવ્યું, એથી ઉજળિયાત વર્ગોનું ધ્રુવીકરણ થયું. એ જ ઉજળિયાત સમાજ જયારે ઉજળિયાતોની સરકારની સામે પડે ત્યારે સ્વાભાવિક છે કે સરકાર અને શાસક પાર્ટી અંદરથી હચમચી ઊઠે. આનંદીબેન પટેલ જ નહીં, નરેન્દ્ર મોદી સુદ્ધાં પાર્ટીદાર આંદોલનથી હચમચી ગયા હોય, બહાર દેખાવ ભલેને સ્વસ્થ હોવાનો કરતાં ફરે. એટલે જયારે અનામતના વિકલ્પે પૅકેજ આપવાનું વિચારવાની ફરજ પડી ત્યારે સરકારે પાછું વાળીને જોયું નથી. એક હજાર કરોડનું પૅકેજ, વળી અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગોને સરકારી નોકરી મેળવવામાં મળતી ઉંમરની છૂટછાટ. ૯૦ ટકાથી વધુ પરસાઈન્ટલ વાળા તેજસ્વી સવર્ણ વિદ્યાર્થીઓની અડધી ફી સરકાર ભરે, એમના માટે મેડિકલ કૉલેજોમાં અધધ બેઠકો વધારી આપે. એમને જરુર પડ્યે વ્યવસાય માટે લોન આપે. કોંગ્રેસી નેતા શક્તિસિંહે આખા પૅકેજને કાગળ ઉપરનું કહી વખોડ્યું છે તો વળી આંદોલનકારોએ એમની અનામતવાળી પિપૂડી વગાડવાનું ચાલુ રાખી છે. હકીકત એ છે કે આનંદીબેનની સરકારે સાપ પણ મરે અને લાકડી ન ભાંગી જાય એવી કીમિયાગરી કરી છે. પાટીદારોને રીઝવવા જતાં ઓબીસી વર્ગ ઊકળી ઊઠે તો ભાજપ ભાંગીને ભુક્કો થઈ જાય. ગુજરાત ભડકે બળે. એવું ન બને એટલા સારુ એમને ઓબીસીને અડક્યા વગર સવર્ણ સમાજના લાભાર્થે અલગ અને એક્સ્કલુઝિવ પૅકેજની જાહેરાત કરી છે. એ પૅકેજથી આંદોલનકારોનો ઈગો કદાચ પૂરો ન સંતોષાય, પણ પાટીદાર સમાજ સહિત તમામ સવર્ણ પ્રજામાં તો એને આવકાર મળવાનો જ છે. એથી સરકાર સામેની વિવિધ સ્તરે ચાલતી ઝુંબેશ આપોઆપ નબળી પડશે. સવાલ એટલો જ રહે છે કે વાદળી જરા વહેલી વરસી હોત તો કેવું! આ જ પૅકેજ સમયસર જાહેર કરાયું હોત તો પાટીદારોના નામે આખા ગુજરાતને જે અસહ્ય પીડાજનક સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું. એમાંથી છુટકારો મળી શક્યો હોત. છતાં,

'બૅટર લેટ ધેન નૅવર.'

# "શું આર્થિક ઉન્નતિ સાચી ઉન્નતિની વિરોધી છે?" – મહાત્મા ગાંધીના વિચારો

'મને લાગે છે કે જેટલે અંશે આપણે હાલની ભોગની ઘેલછાને આપણી નૅમ તરીકે માન્ય કરીએ છી, તેટલે જ અંશે પ્રગતિના માર્ગે આગળ વધવાના બદલે પાછા પડીએ છીએ. એટલે જ, મેં મારો વિચાર રજૂ કર્યો છે કે આર્થિક પ્રગતિએ ખરી પ્રગતિને પ્રતિકૂળ છે. આર્થિક પ્રગતિનો જે વિચાર આપણે કરીએ છીએ તેનો સબળમાં સબળ ઉત્તર, પ્રત્યક્ષ રીતે, જગતના સૌથી મોટા ઉપદેશકોના જીવનમાંથી મળે છે.'

- ઉપરોક્ત શબ્દો મો.ક. ગાંધીના છે. ડિસેમ્બર ૨૨, ૧૯૧૬ના રોજ અલ્હાબાદની મ્યુર કૉલેજ ઈકોનોમિક સોસાયટીના ભૌતિકવિજ્ઞાન સભાખંડમાં 'શું આર્થિક ઉન્નતિ સાચી ઉન્નતિની વિરોધી છે?' - એ વિષય ઉપર મહાત્મા ગાંધીએ ભાષણ આપ્યું હતું. આ સભાના પ્રમુખપદે પંડિત મદનમોહન માલવિયા હતા. હિંદી અને યુરોપિયન સ્ત્રી-પુરુષોની સારી એવી સંખ્યા હતી.



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

બૌદ્ધિકોની બહોળી સંખ્યા સાથેની આ સભામાં ગાંધીએ જે કહ્યું તેની વાત પર જઈએ. ગાંધી કહે છે આપણા સાધુસંતોના લખાણોમાંથી અહીં કહી સંભળાવી તમારું અપમાન કરવા માગતો નથી. પણ જયારે આર્થિક ઉન્નતિના પ્રશ્નનો આપણે વિચાર કરીએ છીએ તેનો સબળમાં સબળ ઉત્તર, પ્રત્યક્ષ રીતે જગતમાં સૌથી મોટા ઉપદેશકોના જીવનમાંથી મળે છે. જિસસ, મહંમદ, બુદ્ધ, નાનક, કબીર, ચૈતન્ય, શંકર, ધયાનંદ, રામકૃષ્ણ હજારો માણસો ઉપર અત્યંત કાબુ ધરાવતા હતા અને તેઓના ચારિત્ર્ય ઘડવામાં નિમિત્તભૂત થયા હતા. તેઓના જીવનથી જગત વધારે સંપન્ન બન્યું છે અને બધા નરોએ બુદ્ધિપૂર્વક દરિદ્રતાનો સ્વીકાર કર્યો હતો.

આર્થિક પ્રગતિ ખરી પ્રગતિને પ્રતિકુળ છે. તેથી જ પ્રાચીન આદર્શ સંપત્તિ સંપાદન કરવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવાનો હતો. આથી ભોગની લાલસાનો નાશ થઈ જાય છે એમ નથી. એક સમયે આપણી ભૂમિ એક વખત દેવોનું નિવાસસ્થાન હતું. આજે આ દેવોના નિવાસની ભૂમિ મિલની ચિમનીના ધૂમાડાથી અને તેના ઘોંઘાટથી જોવી ન ગમે તેવી કદરુપી થઈ છે, અને જેના રસ્તા ઉપર ખીચોખીચ ભરેલા ઘણા ડબ્બાઓ ખેંચી જતા એન્જિનો વેગથી દોડી રહ્યા છે, તે ભૂમિ દેવોનું નિવાસસ્થાન રહે એ કલ્પી શકાતું નથી. (યાદ રહે કે ગાંધી ડિસેમ્બર, ૧૯૧૬માં કહી રહ્યા છે.)

ભૌતિક પ્રગતિનાં ચિહ્નરુપે જે રજૂ કરવામાં આવે છે તેનાથી આપણા જીવનમાં સુખનો રતીભાર પણ વધારો થતો નથી. એવો ઉલ્લેખ કરતાં સમાજ વિજ્ઞાની વૉલેસના મતને ટાંકે છે. વૉલેસે અંગ્રેજી પ્રજાએ સંપત્તિ મેળવીને કઈ સ્થિતિએ પહોંચી છે એનું વર્ણન કરતાં લખ્યું હતું કે ઈંગ્લેન્ડમાં ઊભા થયેલા કારખાનાં સ્ત્રી-પુરુષ અને બાળકોનાં ભોગે ઊભા કરવામાં આવે છે, જેમ જેમ દેશની દોલત વધતી જાય છે તેમ તેમ દેશની નીતિ શિથિલ પડતી જાય છે. ગામની અસુઘડતા, પ્રાણઘાતક ધંધાઓ, માલમાં ભેળસેળ કરવાની યુક્તિ, લાંચ અને જુગાર જેવી બાતો ઘૂસી જાય છે. સંપત્તિ વધવાથી ન્યાયમાં અનીતિ પેઠી છે. લંડન તેમજ ધનિકોના ગ્રામનિવાસોમાં વારંવાર અનેક પ્રકારની ભોગલીલા થતી જોવામાં આવે છે. જેવી રોમના અધમમાં અધમ સમ્રાટના સમયમાં પણ ભાગ્યે જ થતી.

મહાત્મા ગાંધી પોતાની વાત આગળ ધપાવતા કહે છે કે 'બ્રિટીશ છાયા હેઠળ આપણે ઘણું શીખ્યા છીએ, પરંતુ માટી દૃઢ માન્યતા છે કે બ્રિટન પાસેથી આપણે વાસ્તવિક નીતિના વિષયમાં ભાગ્યે જ કંઈ મેળવવાનું છે; અને જો આપણે સાવચેત નહીં રહીએ તો ભોગપ્રધાનવાદના રોગને લઈને બ્રિટન જે દોષોનો ભોગ થઈ પડ્યું છે તેને આપણે આપણા દેશમાં દાખલ કરી દેશું. જો આપણે આપણી સંસ્કૃતિને વળગી રહીશું, અને આપણો નૈતિક વ્યવહાર સરળ રાખશું, એટલે કે ભવ્ય ભૂતકાળમાં ગીત ગાવાના બદલે, આપણે તે સમયના જેવું જ જીવન ગાળશું, તો જ બ્રિટન સાથેના સંબંધમાંથી લાભ મેળવી શકીશું. તે આપણને અમલદારો પૂરા પાડે છે, એટલે જ આપણે તેની નકલ કરીએ છીએ. પરંતુ તેમ કર્યેથી બંનેની અધોગતિ થાય છે. આપણે આદર્શોથી ડર્યા વગર યથાશક્તિ તેનું પાલન કરવું જોઈએ. જયારે આપણી પ્રજા સુવર્ણ કરતાં વિશેષ સત્ય, સત્તા અને સંપત્તિના આડંબર કરતા વિશેષ નિર્ભયતા અને સ્વાર્થ કરતાં વિશેષ ઔદાર્ય બતાવશે, ત્યારે જ તે ખરી ધાર્મિક પ્રજા થશે. જો આપણાં મહેલોમાં, આપણાં મંદિરોમાં, આપણા ઘરોમાં, આપણે ધનની સત્તાને બદલે નીતિની સત્તા સ્થાપશું તો જબરી સેનાનો ભાર વહોર્યા વિના પણ આપણે ગમે તેવા શત્રુના સમૂહ સામે લડી શકશું. જો આપણે પ્રથમ દેવદરબારની અને દેવની ઋજુતાની શોધ કરીશું તો પછી કદી ખોટું ન પડે એવું વચન છે કે અર્થશાસ્ત્ર છે.'

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# સુખકર્તા, દુઃખહર્તા : મેનેજમેન્ટ ગુરુ - ગણેશજી



**"વક્રતુંડ મહાકાય**
**સૂર્યકોટિ સમપ્રભ**
**નિર્વિઘ્નં કુરુ મે દેવ**
**સર્વ કાર્યેશુ સર્વદા"**

યથા રાજા તથા પ્રજા, જેવો નેતા તેવા લોકો વગેરે કહેવતો પ્રચલિત છે. નેતા બનવા માટે લોકો ગણેશજીની આરાધના કરતાં હોય છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆતમાં ગણેશજીની પૂજા-અર્ચના થાય છે. પછી તે પરિવાર કોઈપણ જ્ઞાતિનો હોય સર્વ પ્રથમ ગણેશજીની પૂજા થતી હોય છે. ગણેશજી સર્વના નેતા છે. મેનેજમેન્ટ ગુરુ છે. ઓછા સાધનમાં વધુ સારું મેનેજમેન્ટ કેવી રીતે કરવું ? ઓછા સમયમાં ટૂંકો છતાં સર્વમાન્ય માર્ગ કેવીરીતે શોધી કાઢવો ? મુત્સદીનો ગુણ કેવી રીતે વિકસાવવો તે ગણેશજી પાસેથી શીખવા મળે છે.

ગણેશજીનું માથુ મોટું છે. મોટું માથું એ જ્ઞાનનું પ્રતિક છે. નેતા જ્ઞાની હોવો જોઈએ. તેણે ચારે બાજુથી જ્ઞાન મેળવવું જોઈએ. બધી વાતની અને છેલ્લામાં છેલ્લી ખબર અને જાણકારીથી તે માહિતગાર હોવો જોઈએ. મોટું માથુ અને ભારે વજનવાળું શરીર હોવા છતાં ગણેશજી કાર્તિકેય પહેલાં પ્રદક્ષિણા કરીને માતા-પિતાના લાડકાં અને જનસમુદાયના પ્રિય નેતા બની શક્યા.

આજે જયારે જ્ઞાનનો વિસ્ફોટ થતો હોય ત્યારે કોઈ માહિતી કે મુસદાથી અજાણ રહેવું એ ગુન્હો છે. અત્યાધુનિક માહિતી અને ખબરથી અજ્ઞાત હોવું એ નેતા માટે અશોભનીય અને અશોચનીય બાબત છે. જ્ઞાન મેળવવાના સ્રોત શોધી કાઢીને પણ નેતાએ પૂર્તતા કરવી જોઈએ.

ગણેશજીનું લાંબુ નાક (સૂંઢ) છે. જે લાંબા અંતર સુધીનું સુંઘી-પારખી શકે છે. કેટલીક બાબતો કે જે સામાન્ય માણસ જોવા સમજવા માટે અસમર્થ હોય તે નેતાને ખબર પડી જતી હોય છે. લાંબાગાળાનું સૂક્ષ્મ આયોજન એ યોગ્ય નેતાનું લક્ષણ છે.

આયોજન વગરનો નેતા અસફળતા ને વરે છે. લાંબાગાળાનું આયોજન અને ટૂંકાગાળાનું આયોજન નેતા પાસે હોવું ઘટે. પૂર્વ આયોજન એ સફળતાની નિશાની છે. દીર્ઘદષ્ટિવાળો નેતા જ ચાલી શકે છે. જેની પાસે આગામી પચ્ચીસ વર્ષ સુધી જોવાની શકિત હોય તેવા મુત્સદી નેતાઓ આયોજન કરે છે અને સફળતા મેળવે છે. દીર્ઘ દષ્ટિ અને મજબૂત આયોજન સક્ષમ નેતાના ગુણો છે. ભવિષ્યમાં આવનારા વિઘ્નોની નેતાને જાણકારી હોય છે. તે સમયે કેવા પગલાં લેવા અને વિઘ્નો સામે કેમ ટકી રહેવું તેનો અભ્યાસ કરી લેવાય છે.

### ગણપતિ બાપ્પા મોરયા... પૂઢચ્યા વર્ષી લવકર યા...

ગણેશજીના કાન સૂપડાં જેવા છે. ગણેશજીના કાન ખૂબ મોટા છે. સૂપડાનું કાર્ય અનાજના સારા દાણા સંગ્રહ કરી અને ખરાબ દાણાને જુદા કરવાનો છે. એ જ રીતે નેતાનું કાર્ય સદવિચારવાળા અને કુવિચારવાળા લોકોથી પરિચિત થવાનું છે. નેતાએ હંમેશા સારી બાબતોનો પ્રચાર કરવો જોઈએ. કાચા કાનના હોય તે નેતા બની ન શકે. અન્યની ખરાબ બાબતોને પોતાની અંદર સમાવી રાખવી જોઈએ. અન્યના નાના ગુણને મોટો કરી બિરદાવવો જોઈએ. પોતાના અનુયાયીની સારી વાતોની પ્રશંસા કરવી જોઈએ અને ખરાબ બાબતોને દબાવી દેવી એ ઉત્તમ નેતાના લક્ષણ છે.



**અદબ-પલાઠી મોં પર આંગડી**

ડૉ. સંતોષ દેવકર

ગણેશજીનું પેટ ખૂબજ મોટું છે. મોટું પેટ એ તૃપ્તી ની નિશાની છે. મોટા પેટમાં સારી-ખોટી બધીજ બાબતો સમાવી શકાય. પેટ મોટું હોવું - એ પ્રચલિત રૂઢિ પ્રયોગ છે. અગત્યની બધીજ બાબતો પેટમાં રાખવી.

જ્ઞાની, દીર્ઘદષ્ટિવાળા, આત્મવિશ્વાસુ, માનસશાસ્ત્રના જાણકાર, સારા-નરસાનો ભેદ પારખનાર વગેરે ગુણો ધરાવનાર નેતા બની શકે છે. નેતા બધે દોડાદોડી ન કરે પણ કામ ની વહેંચણી એવી કરે કે એની મેળે થયા કરે. યોગ્ય કામ માટે યોગ્ય વ્યકિત પસંદગી કરવી એ કૌશલ્ય માગી લે છે. વર્ક નહિ પણ 'સ્માર્ટવર્ક' કરી શકે તે નેતા સફળ થતા હોય છે.

આમ, ગણેશજી મેનેજમેન્ટ ગુરુ કહેવાયા છે. જે ઉત્તમ સંચાલન અને વિશિષ્ટ નેતાગીરીનું ઉદાહરણ પૂરું પાડે છે. ગણપતિ બાપ્પા મોરયા........પૂઢચ્યા વર્ષી લવકર યા...

**મિસરી**

મુઝે યકીન હૈ કી ભગવાન મેરે સાથ હૈ
તો ઈસ સે કોઈ ફર્ક નહિ પડતા
કિ કૌન કૌન મેરે ખિલાફ હૈ

*(વોટ્સએપ)*
(sms - જેસી અતુલ જોષી)

- santoshdevkar03@gmail.com

# ધગધગતા સહરા રણમાંય, ચક્ષુપાંપણે ભીનાશ ઢળી છે, ધૂંધળું થયું ચોખ્ખું દર્પણ, શ્વાસોની ભીનાશ મળી છે

- ગુજરાત સાહિત્ય અકાદમીના 'મહામાત્ર' તરીકે રાજય સરકાર દ્વારા, તા. ૧૭મી ઑગસ્ટ, ૨૦૧૫થી મનોજ ઓઝા (નિવૃત્ત નાયબ સચિવ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર) ની નિમણૂંક કરવામાં આવી છે.
- મેઘાણી સાહિત્ય સભા, સુરત દ્વારા ગુજરાતી કવિતામાં નોંધપાત્ર પ્રદાન કરનાર કવિશ્રી કિશન સોસાને એમની હીરક જન્મજયંતિ નિમિત્તે 'મેઘાણી સાહિત્ય પારિતોષિક'થી સન્માનવામાં આવ્યા.
- 'નર્મદ સાહિત્ય સભા' અને 'સાહિત્ય સંગમ' દ્વારા, કવિશ્રી મુકુલ ચોકસીના સહયોગથી અપાતું 'કવિશ્રી મનહરલાલ ચોકસી પારિતોષિક' કવિશ્રી લલિત ત્રિવેદીનો, ગઝલસંગ્રહ 'બીજી બાજુ હજી મેં જોઈ નથી (૨૦૧૩)' માટે અર્પણ કરાયું.
- 'ગ્રીડ્સ' ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટીટયુટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ' દ્વારા એનાયત થયો ડાયસ્પોરા લેખન પુરસ્કાર-૨૦૧૫, અમેરિકા ખાતે છેલ્લા ચાલીસ વર્ષથી ગુજરાતી ડાયસ્પોરા કવિતા, નિબંધ અને નવલિકા ક્ષેત્રે પ્રદાન કરી રહેલ લેખિકા પન્ના નાયકને અર્પણ કરાશે. આ પૂર્વે ડૉ. બાબુ સુથાર, શ્રી મધુ રાય, ડૉ. જગદીશ દવે અને ડૉ. મધુસુદન કાપડિયા જેવા ડાયસ્પોરા સારસ્વતોને આ એવોર્ડ અર્પણ કરાયા હતા.
- પોતાની સઘળી સંપત્તિનું દાન કરવાનું ઈચ્છતા વિખ્યાત નવલકથાકાર અને માનવતાવાદી લિયો ટોલ્સટોંય અને તેમની પત્ની વચ્ચેનું સંઘર્ષનું સુંદર નિરુપણ થયેલ છે, તેવી ટોલ્સટોંયના અંતિમ સમય વિષેની ફિલ્મ 'ધ લાસ્ટ સ્ટેશન'ની પ્રસ્તુતિ 'વિશ્વકોશ'માં થઈ.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

**'સાહિત્ય સરવાણી - ગુજરાત સાહિત્ય અકાદમી'**

સાહિત્ય દ્વારા જેતે વખતના આખા સમાજ, સમય અને લોકપરંપરાનું દર્શન - પ્રગટીકરણ થાય છે. આથી સાહિત્યનું સર્જન અને જતન એ ખૂબ જ અગત્યની બાબત છે.

ગુજરાતી ભાષાના ઉત્કર્ષ અને વિકાસ અર્થે સતત કાર્યરત એવી સંસ્થાઓ પૈકીની એક સંસ્થા એટલે એટલે 'ગુજરાતી સાહિત્ય અકાદમી' જેની સ્થાપના રાજય સરકાર દ્વારા સને ૧૯૮૨માં કરવામાં આવી; જે રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નેજા હેઠળ કાર્યરત છે. અને રાજય સરકાર દ્વારા આ અકાદમીને ૧૦૦% ગ્રાન્ટ આપવામાં આવે છે. આ અકાદમીનું પોતાનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' દર માસે પ્રગટ થાય છે. અકાદમીના વલી ગુજરાતી ગઝલ કેન્દ્રના નેજા હેઠળ 'ગઝલ વિશ્વ' ત્રિમાસિક બહાર પડે છે અને ત્રૈમાસિક 'લોકગુર્જરી' પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ મનુભાઈ પંચોલી 'દર્શક' હતા, જયારે ઉપપ્રમુખ યશવંત શુક્લ હતા. ત્યારબાદ છેલ્લે ભોળાભાઈ પટેલે પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી હતી. ગુજરાત સાહિત્ય અકાદમી સાથે હિન્દી, ઉર્દૂ, સિંધી, કચ્છી અને સંસ્કૃત ભાષાઓની સ્વાયત્ત અકાદમીઓ પણ કાર્યરત છે. આ બધી જ અકાદમીઓના વડા તરીકે 'મહાપાત્ર' ની નિમણૂંક રાજય સરકાર કરે છે. અકાદમીના પ્રથમ 'મહાપાત્ર' ડૉ. હસુ યાજ્ઞિક હતા. ત્યારબાદ આર.કે. પંચાલ, ડૉ. દલપત પઢિયાર, ડંકેશ ઓઝા, કનૈયાલાલ મ. પંડ્યા, વરદરાજ પંડિત, કિરીટ દૂધાત, હર્ષદ ત્રિવેદી અને ચેતન શુક્લ જેવાઓ એ સેવાઓ આપી છે. અકાદમીના અધ્યક્ષ તરીકે નિવૃત્ત આઈ.એસ.એસ. અને સર્જક ભાગ્યેશ જહાને નિયુક્ત કરાયા બાદ, રાજય સરકાર દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિવૃત્ત સચિવ મનોજ ઓઝાની તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૫ થી 'મહાપાત્ર' તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

અકાદમી દ્વારા ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત ભાષાના વિદ્વાન સર્જકો - સંપાદકોને શિષ્યમાન્ય - મૌલિક પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય, નવોદિતોને પ્રથમ સર્જનાત્મક કૃતિ માટે અનુદાન; દર વર્ષે પ્રકાશિત શ્રેષ્ઠ પુસ્તકોને ઈનામો; રૂા. એક લાખનો ગૌરવ પુરસ્કાર, રૂા. પચાસ હજારનો યુવા પુરસ્કાર વિગેરે અપાય છે. સાથોસાથ સાહિત્યિક પરિસંવાદો, સેમિનાર, કાર્યક્રમો માટે આર્થિક અનુદાન અને વયોવૃદ્ધ અને મદદપાત્ર સર્જકોને પ્રતિમાસ રૂા. ત્રણ હજારની આર્થિક સહાય પણ આપવામાં આવે છે. બાળસાહિત્યમાં દર વર્ષે મૌલિક અને ઉત્તમ પ્રકાશન માટે સહાય અને શ્રેષ્ઠ પુસ્તકોનું ઈનામો પણ અપાય છે. શ્રેષ્ઠ ગઝલકારોને રૂા. એક લાખનો 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' પણ અપાય છે અને પુસ્તક મેળાઓ યોજીને તથા દિલ્હીમાં યોજાતા 'વર્લ્ડ બુક ફૅર'માં ભાગ લઈ, ગુજરાતી સાહિત્યનો પ્રચાર/પ્રસાર કરવામાં આવે છે.

આમ સાહિત્યિક પ્રકાશનો - સેમિનારો - પરિસંવાદો - કાર્યક્રમો દ્વારા સાહિત્યનો પ્રચાર/પ્રસાર કરી, મા ગુર્જરીના સાહિત્યનો મધમધતું, મહેંકતું અને સદાય જીવંત રાખવા મહત્ત્વનું યોગદાન અકાદમી દ્વારા આપવામાં આવે છે; તે ગુજરાતના સાહિત્યિક, શૈક્ષણિક, સામાજિક અને બૌદ્ધિક વિકાસમાં તથા ગુજરાતના ગૌરવપૂર્ણ ઈતિહાસના આલેખનમાં એક આગવું, અનોખું અને અમૂલ્ય પ્રદાન છે.

**'દધિમુક્તક મણકા'**

*ખળ ખળ વહેતું ઝરણું, અકારણ અટકે નહીં!*
*કધોલું ભટક્યા વિણ, સોય કદાપિ બટકે નહીં!*
*વિષાદભર અવસાદ વિણ, મગજ છટકે નહીં!*
*જનોઈ વઢ થયા દિલે ઘાવ, એ વિણ ખટકે નહીં!*

●●●

*ધગધગતા સહરા રણમાંય,*
*ચક્ષુપાંપણે ભીનાશ ઢળી છે,*
*ધૂંધળું થયું ચોખ્ખું દર્પણ,*
*શ્વાસોની ભીનાશ મળી છે.*

- muljibhaidadhi@gmail.com